જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૦/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૮૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૨	૦	૧૧૨	૩૮૪	૦	૩૮૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૬૨૯	૬૯	૭૧૬૯૮	૭૨૬૪૧	૭૦	૭૩૦૧૧
કુલ		૮૮૪૫૧	૬૯	૮૮૫૨૦	૯૭૩૯૫	૭૦	૯૭૪૬૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૩	૪,૩૭,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૫૫	૯,૫૫,૦૦૦/-

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

ભારતીય બનાવટના વિદેશીદારુની સીલબંધ બોટલ નંગ-૬૫ કિ-/૨૬૦૦૦.રૂ.તથા મોબાઈલ ફોન મળી કુલ્લે રૂ.૩૨૦૦૦-/ ની મત્તાના વિદેશીદારુના જથ્થા સાથે એક આરોપીને પકડી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી મિલાપ પટેલ સાહેબ"કે"ડીવીઝન અમદાવાદ શહેરનાઓ તરફથી રાખવામાં આવેલ પ્રોહીબીશનની ડ્રાઈવ સબંધેકડક અમલદારી કરવા જણાવેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબનાઓએ સ્ટાફના માણસોને પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ સુચનાઓ આપેલ હોય.

જે અનુસંધાને સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા અ.હેડ.કોન્સ સફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથાઅ.પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા અ.પો.કો.રવિરાજસિંહ મહીપતસિંહ બ.નં.૫૦૯૭ તથા અ.લો.૨.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા અ.પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ નાઓ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન કલાક ૨૨/૧૫ વાગેસાથેના અ.પો.કો.વિજયસિંહ લાખુભા નાઓને બાતમી હકિકત મળેલ કે "નારોલ આકૃતી ટાઉનશીપના એચ બ્લોકના રૂમ નં ૨૦૨ માં રહેતો ગોવિંદ ધાનક નાનો પોતાના રહેણાકનામકાનમાં કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો વેચાણ કરવા સારૂ લાવી સંતાડી મુકી રાખી ચોરીછુપીથી વેચાણ કરે છે અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે"જે બાતમી હકિકત આધારે બે પંચો રૂબરૂ સદરી જગ્યાએ રેઈડ કરતા બાતમી હકિકતમાં જણાવેલ આરોપી ગોવિંદ સન/ઓફ ચાંદીરામ તારારામ જાતે ધાનક ઉ.વ.૨૪ રહે-મ.નં.એચ/૨૦૨ આકૃતી ટાઉનશીપ અટલ બિહારી વાજપેયી ચોક પાસે નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ હસ્સનપુર તા-અલેવા થાના અલેવા જી-જીંદ હરીયાણાના કબ્જાના મકાનમાં રેડ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી દારુની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ.૬૫ કિ.રૂ.૨૬૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૦૧ કિ.રૂ.૬૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩૨૦૦૦/- ની મત્તાનો વિદેશીદારુનો જથ્થો મળી આવતાં તેના તથા તપાસમાં મળી આવે તે તમામ આરોપીઓ વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી **નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૬૬૭/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી),મુજબનો** ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૮/૦૯/૨૦૨૧





પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન : (૧)

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી પાલારા ભુજ જેલ મોકલી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી“ કે ”ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી .સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી સિરાજુલહસન મહેંદીહસન જાતે અંસારી ઉ.વ.૨૪ રહે.મ.નં.૩૧, અલમાસપાર્ક સોસાયટી,ગ્રીનપાર્ક સોસાયટીની પાસે આકૃતિ ટાઉનશીપની બાજુમાં નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક :પીસીબી/ડીટીએન/પાસા/૫૧૯/૨૦૨૧ તા.૨૯/૦૯/૨૦૨૧ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી તા.૩૦/૦૯/૨૧ ના કલાક.૧૧/૩૦ વાગે યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાલારા ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે .

તા. ૩૦/૦૯/૨૦૨૧

સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ-:

પો.ઇન્સ .એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે .

અ.હે.કો .દિપેનકુમાર મનુભાઇ બ.નં .૬૦૮૦

સહદેવસિંહ નટવરસિંહ બ.નં.૬૨૮૪

મુકેશભાઇ બાબુભાઇ બ.નં.૧૦૦૧૮

આરોપીનો ફોટો-:



નારોલ પોલીસ સ્ટેશન : (૨)

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી રાજકોટ જેલ મોકલી નારોલ પોલીસ


મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી નલીન ઉર્ફે નયન કાંતિભાઇ જાતે સોલંકી ઉ.વ.૨૧ રહે.મ.નં.૧૦૧, આકૃતિ ટાઉનશીપ વિભાગ-૧ નંદનવન હાઇટસની બાજુમાં નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૫૨૧/૨૦૨૧ તા.૩૦/૦૯/૨૦૨૧ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી તા.૦૧/૧૦/૨૧ ના કલાક.૧૨/૦૫ વાગે યોગ્ય પોલીસ જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૦૧/૧૦/૨૦૨૧

સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો.ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.

અ.હે.કો.દિપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા સહદેવસિંહ નટવરસિંહ બ.નં.૬૨૮૪ તથા મુકેશભાઇ બાબુભાઇ બ.નં.૧૦૦૧૮

આરોપીનો ફોટો



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૮૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ અને ૪ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૮૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૭૯૦/૨૦૨૧**

આનંદનગરઃ દીપકભાઈ ભૂપસિંઘ યાદવ (ઉ.વ.૨૩)(રહે.પાછળો વાસ, જોધપુર, સેટેલાઈટ) એ તા.૩૦/૦૯/૨૧ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૧ રાતના ૯/૦૦ થી તા.૨૭/૦૯/૨૧ ના કલાક ૯/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ ગ્લોરીયા હોટલની સામે આવેલ વ્રજ-વિહાર-૦૫ કોમ્પ્લેક્ષમાં શોપ નંબર-૨૧ “દીપક ફાર્મા” નામની પોતાની દુકાનનું શટર ઊચું કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ટેબલના ખાનામાં મુકેલ વકરાના કુલ રૂપિયા ૫૨,૨૬૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.સાંઠે ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૭૯૧/૨૦૨૧**

નારોલઃ બન્નાલાલ નારૂલાલ કુમાવત (ઉ.વ.૨૭)(રહે.વિનાયકા હોમ્સ, ઉજાલા સર્કલની બાજુમા એસ.જી.હાઇવે, સરખેજ)એ તા.૩૦/૦૯/૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નારોલ સરખેજ હાઇવે ઉપર ઓટોરીક્ષાનો ડ્રાઇવર તથા બન્નાલાલની સાથે ઓટોરીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા ઇસમોએ ભેગામળી બન્નાલાલની નજર ચુકવી તેમની લેપટોપ બેગમાંથી અગત્યના દસ્તાવેજો તથા એક એપલ કંપનીનો I-PHONE 11 મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તથા એક રીયલમી કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૯૨/૨૦૨૧**

બાપુનગર: પ્રશાંત સતિષભાઈ પટેલ (ઉ.વ.૪૬) (રહે,અશોકવાટિકા રેસીડેન્સી, વિભાગ-૨ શિલ્પ રેસીડેન્સીની બાજુમાં, હીરાવાડી રોડ, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૧ બપોરના ૧૨/૦૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ફ્લેટના ધાબા ઉપરની પાણીની ટાકી પાસેની જગ્યાએ લોખડની રેલીંગ સાથે સુતરની રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એન.પરમાર ચલાવે છે.

વેજલપુર : **(૧)** વેજલપુર સાલપુરા ફાટક પાસે શિવશંકર નગર ખાતે મામાના ઘરે રહેતી કૃપાલી ઉર્ફે કિંજલ ડો/ઓ તેજમલભાઇ સોલંકી (ઉ.વ.૧૩) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૧ સાંજના ૪/૩૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મામાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

વેજલપુર: **(૨)** કૃણાલ લાલજીભાઇ ડાભી (ઉ.વ.૩૦)(રહે.ધર્મયુગ સોસાયટી, આશાપુરા મંદીરના ખાંચામા, જીવરાજપાર્ક વેજલપુર)એ અગમ્ય કારણોસર તા.૨૯/૦૯/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.